BRAMPTON **Service and Information Update**

# બ્રેમ્પટન ફાર્મર્સ માર્કેટમાં પરણો!

બ્રેમ્પટન, ઓન્ટેરિયો (જુલાઈ 18, 2022) – બ્રેમ્પટન ફાર્મર્સ માર્કેટમાં નાગરિક લગ્ન સમારોહો (સિવિલ મૅરેજ સૅરેમનીસ) પર ખાસ પ્રમોશનના પ્રતિભાવમાં લોકોએ દર્શાવેલા પ્રચંડ રસને લીધે, સીટી ઑફ઼ બ્રેમ્પટનને આ ઘોષણા કરવામાં રોમાંચ થાય છે કે આ પ્રમોશન શનિવાર, સપ્ટેમ્બર 3, 2022 સુધી લંબાવવામાં આવ્યું છે.

ફાર્મર્સ માર્કેટ દરમિયાન માત્ર $75 માં, તમે અને તમારા સાથી ઔપચારિક રીતે પ્રતિજ્ઞાઓની આપલે કરી શકો છો અને સુંદર ગેજ પાર્ક ગઝેબોમાં ઔપચારિક રીતે પરણી શકો છો!

સીમિત જગ્યાઓ ઉપલબ્ધ છે. **ઓગસ્ટ 24, 2022** સુધીમાં બુકિંગ રૂબરૂમાં કરાવો.

બુકિંગના સમયે બુકિંગ રકમ પૂરેપૂરી ભરવી રહી. બુકિંગના સમયે એક માન્ય લગ્ન પરવાનો (મૅરેજ લાઈસન્સ) ($160) રજૂ કરવો રહ્યો કે ખરીદવો રહ્યો.

મૅરેજ લાઈસન્સ માટે એપોઈન્ટમેન્ટ્સ વેબસાઈટ www.brampton.ca/skiptheline પર, અથવા રૂબરૂમાં સીટી હૉલમાં, સોમવારથી શુક્રવાર, સવારે 8:30 થી બપોરે 4 વાગ્યા સુધીમાં કરાવી શકાય છે.

**મૅરેજ લાઈસન્સીસ (લગ્ન પરવાનાઓ)**

શું તમારા લગ્નનું આયોજન કરી રહ્યાં છો? ઓન્ટેરિયોમાં પરણતા પહેલાં, તમારે મૅરેજ લાઈસન્સ મેળવવું રહ્યું. સીટી ઑફ઼ બ્રેમ્પટન પાસેથી મૅરેજ લાઈસન્સ મેળવવા માટેની જરૂરિયાતો અને સમયરેખાઓ વિશે વધુ માહિતી મેળવો.

-30-

**મીડિયા સંપર્ક (MEDIA CONTACT)**
સીટી ઑફ઼ બ્રેમ્પટન મલ્ટીકલ્ચરલ મીડિયા
multiculturalmedia@brampton.ca